સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૫–૨–૨૦૧૪ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

૧૨૧૩
૬૮૧૯
૬-૩-૧૪

:::::::::::

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૦–૨–૨૦૧૪ ના પત્ર નં.સીમીસ/૮/૨૦ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની સુચિત નગર રચના યોજના સુરત નં.૭૨ (બમરોલી) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે રજુ કરેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના સુરત નં.૭૨ (બમરોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૫/૨૦૧૪ સર્વાનુમતે મંજુર</u>

સ.ર. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઠરાવ રજીસ્ટર ૨૦૧૩/૧૪ પાના નં ૧૯
પર અનુક્રમ નંબર ૧૯ થી નોંધ કરી
નોંધણી કર્તા

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૬–૨–૨૦૧૪.